GJMR050001582025

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૭/૦૨/૨૦૨૫ |
| નોંધ્યા તારીખ | : | ૧૭/૦૨/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | : | ૦૧/૦૫/૨૦૨૬ |
| સમયગાળો | : | |

**ટંકારાનાં મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમા,**
**મુ.ટંકારા.**

**ફોજદારી કેસ નં.૧૧૪/૨૦૨૫**
**આંક :–**

**ફરિયાદી :–** કરમશીભાઈ રામજીભાઈ પાણ
રહે. જબલપુર તા. ટંકારા

**વિરૂધ્ધ**

**આરોપી :–** મનીષભાઈ અમૃતલાલ ફેફર,
રહે. જબલપુર તા. ટંકારા

**ગુન્હો:– ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ અન્વયેની ફરીયાદ**

---

ફરિયાદ પક્ષે વિ.વ.શ્રી એસ.જે.જોષી
આરોપી પક્ષે વિ.વ.શ્રી એમ.વી.બારૈયા

---

1. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

**1.1** ફરિયાદી રહે. મુ. જબલપુર, તા. ટંકારા, જી. મોરબી જયારે આ કામના તહોમતદાર પણ ઉપરોકત સરનામે જ રહે છે અને બન્ને પાડોશી છે અને પારીવારીક સંબંધો પણ છે તથા આ કામના આરોપી સાથે ફરીયાદીના ગામ વહેવારે કાકા ભત્રીજાનો સબંધ છે. જેથી જમીન મકાનના કામકાજમાં

નાણાંની જરુર પડયે સંબંધના દાવે આ કામના ફરીયાદી પાસેથી રૂપીયા ૨૦,૦૦,૦૦૦/- ઉછીના આરોપીએ મેળવેલા. ત્યારબાદ આ રકમની ફરીયાદીએ આરોપી પાસે માંગણી કરતા થોડા સમયમાં પરત કરી આપુ તેવુ કહી તહોમતદારે સ્વેચ્છાએ ફરિયાદીને તા. ૨૯/૧૧/૨૦૨૪ ના રોજ નોટરી સમક્ષ પ્રોમીસરી નોટ લખી આપેલ જે મુજબ એક માસમાં નાણાં પરત કરી આપશે તેવી બાંહેધરી આપેલ ત્યારબાદ સદર મુદત પુરી થયા બાદ ફરીયાદીએ લેણી રકમ પરત માંગતા આરોપીએ ફરીયાદીના નામનો બેંક ઓફ બરોડા ની શાખા: ટંકારા નો ચેક નંબર: ૦૦૦૦૧૯, તા. ૦૯/૦૧/ ૨૦૨૫ નો રકમ રૂપિયા: ૧૦,૦૦,૦૦ વાળો વસૂલ થવાની ખાત્રી સાથે આપેલો. સદરહું ચેક ફરીયાદી દવારા તારીખ: ૦૯/૦૧/૨૦૨૫ ના રોજ પોતાના ખાતામાં જમા કરાવવા માટે રજુ કરતા, સદરહું ચેક: ફંડસ ઇન્સફીસીયન્ટ ના કારણે પરત ફરેલ છે. જેની જાણ ફરીયાદીને બેંક દવારા તા. ૧૦/૦૧/૨૦૨૫ ના ચેક રીટર્ન મેમાથી પરત ફરેલ છે.

**1.2** વધુમાં ફરીયાદીનું કથન એવું છે કે, આરોપીએ આપેલ ચેક પરત થતા ફરીયાદીએ તેમના વકીલ મારફત આરોપીના સરનામા ઉપર તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજ રજી.એડી.થી લીગલ નોટીસ મોકલેલી. સદરહુ નોટીસ આરોપીના સરનામે મળી ગયેલ છે. તેમ છતા આરોપીએ ફરીયાદીને તેમની લેણી રકમ ચુકવેલ નથી. આમ, આરોપીએ ફરીયાદીને ચેકની રકમ ચુકવેલ નથી. આમ આરોપીએ ફરિયાદી પાસેથી ફરિયાદમાં જણાવેલ વિગતે ઉછીના આપેલ રકમ ફરીયાદીએ આરોપી પાસેથી લેવાના હોય, અંતે તેમાંથી ફરી જઈ આરોપીએ તેમની જવાબદારી પેટે ચેક આપી સદર ચેક પરત ફરતા, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોય ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

**2.** ફરીયાદ અનુસંધાને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયેની કાર્યવાહી ચલાવવા પુરતા અને વ્યાજબી કારણો હોય ફરીયાદ

રજીસ્ટરે લેવાનો તથા આરોપી સામે ધી નેગો.ઈન્સ્ટ્ર.એકટની કલમ-૧૩૮ મુજબ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામા આવેલ. ત્યારબાદ આરોપીને ધારાધોરણ મુજબ સમન્સ બજી જતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા છે. તેમને ફરીયાદ તથા દસ્તાવેજી પુરાવાની નકલો વિના મૂલ્યે પુરી પાડયાની ખાત્રી કરવામાં આવેલ. આરોપીની પ્લી આંક-૯ થી નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુના-કબુલાતનો ઈન્કાર કરી કેસમાં બચાવ કરવાની માગણી કરેલ છે.

**3.** ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**-:: મૌખિક પુરાવો ::-**

| | | |
|---|---|---|
| 1 | આંક-૪ | ફરીયાદી કરમશીભાઇ રામજીભાઇ પાણનું સરતપાસનું સોગંદનામું |

**-:: દસ્તાવેજી પુરાવો ::-**

| | | |
|---|---|---|
| 1 | આંક-૧૫ | તકરારી ચેક |
| 2 | આંક-૧૬ | રીર્ટન મેમો |
| 3 | આંક-૧૭ | લીગલ નોટીસ |
| 4 | આંક-૧૮ | આર.પી.એડી. સ્લીપ |
| 5 | આંક-૧૯ | ટ્રેકીંગ રીપોર્ટ |
| 6 | આંક-૨૮ | પ્રોમીસરી નોટ |

**4.** ત્યારબાદ આંક- ૩૩ ની પુરસીસથી ફરિયાદી તરફે તેઓને વધુ કોઈ પુરાવો આપવો નથી તેવું જાહેર કરતાં હાલનું કામ આરોપીનાં વધારાનાં નિવેદન પર રાખવામાં આવેલ.

**5.** ત્યારબાદ, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસની મહત્વની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનુ તથા સાહેદો તપાસવા માંગતા ન હોવાનુ જણાવેલ છે.

**6.** ફરીયાદી તરફે ફરીયાદીના વિ.વ.શ્રી એસ.જે.જોષી ધ્વારા આંક-૩૫ થી લેખિત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લીધેલ છે તથા આરોપી તરફે વિ.વ.શ્રી એમ.વી.બારૈયા ધ્વારા વિગતવાર મૌખિક દલીલો કરવામાં આવેલ છે જે ધ્યાને લીધેલ છે. આરોપી પક્ષ ધ્વારા પોતાની મૌખિક દલીલોમાં નીચે મુજબના નામ. ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે:

(a) John K.Abraham V/s. Simon C.Abraham (2014-SCC-2-236)

(b) SCC 2013 (8) 71 PARA 13

(c) AIR 2015 SC( CRI) (0) 333

**7.** ઉપરોકત હકીકતોએ આ કેસના નિકાલ માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

**1** શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે સાબિત કરે છે કે, આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણા પેટે રૂા.૧૦,૦૦,૦૦૦/- નો બેંક ઓફ બરોડા ની શાખા: ટંકારા નો ચેક નંબર: ૦૦૦૦૧૯–તા. ૦૯/૦૧/ ૨૦૨૫ ના રોજનો આપેલો?

**2** શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે તે ચેક બેંકમાં જમા કરવાતા તે "ફંડ ઈન્સફીસીયન્ટ" ના કારણ સર પરત ફરેલો અને જેના માગણાની નોટીસ આરોપીને મળી ગયેલ હોવા છતાં આરોપીએ સદર રકમ ચુકવી નહી આપી ધી નેગો.ઈન્સ્ટ્ર.એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

**3** શું હુકમ ?

**8.** ઉપરોકત મુદ્દા સંદર્ભે મારા નિર્ણયો અને તેનાં કારણો નીચે મુજબ છે.

**-:: નિર્ણયો ::-**

1 હકારમા,

2 હકારમા,

3 આખરી હુકમ મુજબ.

**<u>મુદ્દા નંબર-૧ અને ૨ :-</u>**

**9.** હાલનાં કામે પુરાવાની ચર્ચા કરતાં પહેલા નામદાર એપેક્ષ કોર્ટ દ્વારા M/s. Kusum Ingots & Alloys Ltd. V/s. M/s. Pennar Peterson Securities Ltd. and ors. etc. etc. [AIR 2000 SC 954 (2000) 2 SCC 745], નાં ચુકાદામાં ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ-૧૩૮ મુજબ ગુનો બનવા માટેનાં આવશ્યક તત્વો નામદાર સર્વોચ્ચ અદાલતે જણાવેલ છે, જેનો પેરા-૨૩ નીચે મુજબ છે:

**"(10.)** On a reading of the provisions of sec. 138 NI Act it is clear that the ingredients which are to be satisfied for making out a case under the provisions are:

(i) a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account for the discharge of any debt or other liability:

(ii) that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;

(iii) that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank,

(iv) the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 15 days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;

(v) the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice;"

**10.**હાલની ફરિયાદ અનુસંધાને કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદી ધ્વારા હાલનો ચેક પરત થયાની ફરીયાદ ધી નેગો.ઈન્સ્ટ્ર.એકટની કલમ-૧૩૮ મુજબ દાખલ કરેલ છે. ધી નેગો.ઈન્સ્ટ્ર.એકટની કલમ-૧૩૯ મુજબ ચેક લખનારે ચેક ધારકની તરફેણમાં ચેક ઈસ્યુ કરેલ છે તેવું અનુમાન કરી શકાય. વધુમાં, અત્રે એ પણ નોંધનીય છે કે અનુમાન એ એક પુરાવો નથી પરંતુ તે ફરિયાદીની ફરિયાદને સમર્થન પુરૂ પાડે છે.

**11.**ઉપરોકત સીધ્ધાંતોને ધ્યાને રાખી ફરિયાદી ધ્વારા તેમનો ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો કેસ આરોપી સામે પુરવાર કરવાનો હોય છે. તે અન્વયે હાલનાં કામે પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલનાં કામે ફરિયાદી ધ્વારા આંક-૪ થી તેમની સરતપાસનું સોગંદનામું રજુ રાખવામાં આવેલ છે જે ફરિયાદીની આંક-૧ થી રજુ કરવામાં આવેલ ફરિયાદ મુજબ જ આપવામાં આવેલ છે. જેથી હાલનાં કામે પુરાવાનું પુનરાવર્તન થતું અટકાવવાનાં હેતુથી ફરિયાદીની સમગ્ર સરતપાસ અત્રે વર્ણવવામાં આવેલ નથી.

**12.**આરોપીનાં વિ.વ.શ્રી ધ્વારા ફરિયાદીની ઉલટ તપાસ લેવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, હું દશ ધોરણ નાપાસ છુ. હું ખેતી કામ કરુ છુ અને ખેતી શીવાય બીજો કોઈ કામ કરતો નથી. મારે ખાતે ૨૩ વિઘા જમીન છે અને બીજાની જમીન પણ ભાગે વાવેતર કરવા રાખુ છુ. અમે ઘરમાં ચાર સભ્યો છીએ અને તેમાં કમાનાર હું એક જ છુ. આ કામના આરોપી સાથે મારે ગામ વહેવારે કાકા ભત્રીજાનો સબંધ છે. અમારા આ સબંધ પહેલેથી જ છે. એ વાત ખરી છે કે અમારે અને આરોપી વચ્ચે એકબીજાને પ્રસંગમાં આવવા જવાના સબંધ સિવાય અન્ય કોઈ સબંધ નથી. એ વાત ખરી છે કે મારે સબંધો

આરોપીના પિતા સાથે હતા આરોપી સાથે નહી. એ વાત ખરી છે કે મે મારી નોટીસ , ફરીયાદ અને સરતપાસના સોગંધનામામાં આરોપી શેનો વેપાર કરે છે તે હકીકત જણાવેલ નથી. એ વાત ખરી છે કે હાલની ફરીયાદ સિવાય આરોપી સાથે અન્ય કોઈ વહેવાર થયેલ નથી. એ વાતની મને ખબર નથી કે મે મારી ફરીયાદ, નોટીસ અને સરતપાસના સોગંધનામામાં આરોપી ને કહેવાતી રકમ કયાં અને કોની હાજરીમાં આપેલ એ હકીકત જણાવેલ છે કે નહી. એ વાત ખરી છે કે આરોપી ને રકમ રોકડ આપેલ કે ઓનલાઈન આપેલ કે અન્ય કોઈ રીતે આપેલ તે હકીકત મે મારી ફરીયાદ, નોટીશ અને સરતપાસના સોગંધનામામાં જણાવેલ નથી. આરોપીને ધંધામાં ટુકડે ટુકડે જરૂર પડેલ ત્યારે મે આરોપીને પૈસા આપેલા હતા. એ વાત ખરી નથી કે મે મારી ફરીયાદમાં આરોપીને પૈસાની જરૂર શાના માટે હતી તે હકીકત લખાવેલ નથી. મારે વાર્ષીક ૧૫ થી ૧૭ લાખની કુલ આવક છે તથા વાર્ષીક ખર્ચ આશરે ૭ થી ૮ લાખ છે. મારે અન્ય બીજા વહેવારીક તબીબી તથા શૈક્ષણીક ખર્ચ વાર્ષીક કેટલો થાય તે હું ચોકકસ કહી શકુ નહી.

સવાલ : તમે આરોપીને ફરીયાદ મુજબની કહેવાતી રકમ આપી તે પૈસા તમારી પાસે કયાં થી આવેલ તેનો કોઈ પુરાવો તમે આ કામે રજુ કરેલ નથી ?

જવાબ : આ પૈસા મારી ખેતીની આવકમાંથી આવેલ હતા અને તેના કોઈ પુરાવા મારી પાસે નથી. હું ઈન્કમટેકક્ષ રીર્ટન ભરતો નથી. મે આરોપીને તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજ નોટીશ મોકલેલ હતી. એ વાત ખરી છે કે આ નોટીશ મારા વકિલ સાહેબે તૈયાર કરેલ અને આ નોટીશ મે વાંચેલ નહી અને સહી કરી દીધેલ. એ વાતની મને ખબર નથી કે આરોપીને નોટીશ કયારે બજેલ હતી. આરોપી હાલે ટંકારા રહે છે પહેલા જબલપુર મુકામે રહેતા હતા. મે જયારે ફરીયાદ કરેલ ત્યારે ટંકારા રહેતા હતા.

સવાલ : તમે તમારા ફરીયાદ, નોટીશ અને સરતપાસના સોગંધનામામાં આરોપી જબલપુર મુકામે રહે છે તેવુ જણાવેલ છે ?

જવાબ : જબલપુરના રહેવાસી છે તેવુ જણાવેલ છે અને જબલપુર રહે છે તેવુ જણાવેલ નથી.એ વાત ખરી છે કે મે આરોપીને પૈસા કટકે કટકે આપ્યા તેનુ કોઈ લખાણ કરેલ નથી.

એ વાત ખરી છે કે ફરીયાદ, નોટીશ અને સરતપાસના સોગંધનામામાં આરોપીને રકમ કઈ જગ્યાએ આપેલ તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી અને મારી વચ્ચે થયેલ કોઈ લખાણ મે આ કામે રજુ રાખેલ નથી. મને આરોપીએ બે ચેક આપેલા જેમાં પહેલો ચેક તારીખ ૦૮/૦૧/૨૦૨૫ ના તથા બીજો ચેક તારીખ ૦૯/૦૧/૨૦૨૫ ના રોજ આપેલો. મને તા.૦૮/૦૧/૨૦૨૫ ના જે ચેક આપેલ તે ચેકના નંબરના પાછળના બે આંકડા ૧૮ છે આખા નંબર ખબર નથી. મને તા.૦૯/૦૧/૨૦૨૫ ના જે ચેક આપેલ તે ચેકના નંબરના પાછળના બે આંકડા ૧૯ છે આખા નંબર ખબર નથી. એ વાત ખરી નથી આરોપીએ મને બન્ને ચેક ફક્ત સહી કરીને આપેલા સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આંકડા લખીને આપેલા. મને સબબ કામના રેકર્ડમાંથી આંક-૧૫ વાળો ચેક બતાવવીને પુછવામાં આવે છે કે સદર ચેકમાં આરોપીની સહી નથી? તેના જવાબમાં જણાવુ છુ કે એ વાત ખરી નથી કે તેમાં આરોપીની સહી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમાં આરોપીની સહી છે. સદર બન્ને ચેકમાં આરોપીએ આંકડા અંગ્રેજીમાં લખેલ હતા અને રકમ ગુજરાતીમાં લખેલ હતી. મને સબબ કામના રેકર્ડમાંથી આંક-૧૫ વાળો ચેક બતાવવીને પુછવામાં આવે છે કે સદર ચેકમાં તમારુ નામ તમે જાતે લખેલ છે ? તેના જવાબમાં જણાવુ છુ કે એ વાત ખરી નથી કે મારુ નામ મે જાતે લખેલ છે. આંક-૧૫ વાળો ચેક મે તા.૦૮/૦૧/૨૦૨૫ ના રોજ બેંકમાં જમા કરાવેલ હતો.

એ વાત ખરી છે કે હું મારા નામે જમીન ધરાવુ છુ તેના પુરાવા આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે હું મારા ખેતીની ઉપજનો માલ જેવો કે કપાસ, મગફળી વિ. વેચાણ કરુ ત્યારે વેચાણ અંગે મને જે રૂપીયા મળે તેના બીલ વેપારી આપે છે. એ વાત ખરી છે કે એવા કોઈ બીલ આ કામે રજુ કરેલ નથી. એ વાત હું જાણુ છુ કે કોર્ટમાં ખોટી જુબાની આપવી એ ગુનો છે. એ વાત ખરી છે કે આરોપીએ ચેક કયાં અને કોની હાજરીમાં આપેલ તે હકીકત ફરીયાદ કે

સરતપાસમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે મે આરોપી વિરુધ્ધ બે ફરીયાદ કરેલ છે.

સવાલ : તમે આરોપીને જે કહેવાતી રકમ આપલ છે તે રકમ તમારી પાસે હતી તે દર્શાવતો કોઈ પુરાવો તમે આ કામે રજુ રાખેલ નથી ?

જવાબ : આવો કોઈ દસ્તાવેજી પુરાવો નથી. મે રકમ ટુકડે ટુકડે આપેલી છે.

એ વાત ખરી છે કે મે ટુકડે ટુકડે રકમ આપેલ હોય તે અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે હું જે કહેવાતી રકમ આરોપીને આપેલ હોવાનુ જણાવુ છુ તે હું ખોટુ જણાવુ છુ અને મારી પાસે આવી કોઈ રકમ હતી નહી. હું નાણાધિરાણનુ લાયસન્સ ધરાવતો નથી. એ વાત ખરી નથી કે હું ગેરકાયદેસર રીતે નાણા વ્યાજે આપવાનો ધંધો કરુ છુ. <u>એ વાત ખરી નથી કે આરોપીના પ્લોટના તથા દુકાનના અસલ દસ્તાવેજ મારી પાસે છે.</u> એ વાત ખરી છે કે મારી નોટીશમાં શું લખેલ છે તે મને ખબર નથી. અમે બીજાની જમીન વાવવા માટે રાખીએ ત્યારે કોઈ એગ્રીમેન્ટ કરતા નથી. એ વાત હું જાણતો નથી કે આવો કોઈ એગ્રીમેન્ટ કાયદા પ્રમાણે કરવાનુ હોય છે. એ વાત ખરી નથી કે સદર કામની ફરીયાદ મે વાંચેલ નહી. એ વાત ખરી નથી કે આરોપી પાસે થી કોઈ પણ જાતનુ લેણુ નિકળતુ ન હોવા છતા આરોપીના <u>ચેક અન્ય પાસેથી મેળવી આરોપી વિરુધ્ધ હાલની ખોટી ફરીયાદ કરેલ છે</u> અને આ ખોટી ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છુ.

## <u>-: મુલ્યાંકન :-</u>

**13.**હવે હાલના કેસની પુરાવાની ચર્ચા કરતાં પહેલા આ કેસમાં સ્વીકારેલી હકીકતો ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે:

- હાલનાં કેસમાં આરોપી ધ્વારા જે બેંકમાં ખાતુ ધરાવે છે તે બેંકમાંથી ચેક અપુરતા નાણા ભંડોળને કારણે પરત ફરેલ છે.
- ફરિયાદી ધ્વારા સમય મર્યાદા અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ તેમજ ૧૪૨(બી) નું પાલન કરેલ છે.

**14.** હાલનાં કામે આરોપીનાં વિ.વ.શ્રી ધ્વારા ફરિયાદીની વિસ્તૃત ઉલટ તપાસ લેવામાં આવેલ છે તેમજ તેમાં એવી હકીકત રેકર્ડ પર લાવવાનો વીફળ પ્રયાસ કરવામાં આવેલ છે કે તકરારી ચેકમાં આરોપીની સહી નથી તથા ફરીયાદી પાસે આરોપીને ફરીયાદ પ્રમાણેની રકમ આપી શકે તેટલી રકમ હતી નહી. વધુમાં, એવી હકીકત પણ રેકર્ડ પર લાવવાનો વીફળ પ્રયાસ કરવામાં આવેલ છે કે આરોપીના ચેક અન્ય પાસેથી મેળવી આરોપી વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે. હવે એક બાજુ આરોપી પક્ષ ધ્વારા ચેકમાં આરોપીની સહી નથી તેવો બચાવ લીધેલ છે જયારે બીજી બાજુ આરોપીના ચેક ફરીયાદીએ બીજા પાસેથી મેળવેલ હોવાનો બચાવ લીધેલ છે. આમ, આરોપી પક્ષ ધ્વારા ફરીયાદીની ઉલટતપાસમાં ચોકકસ બચાવ લીધેલ નથી તથા તેઓ ધ્વારા લેવામા આવેલ બચાવ એકબીજાથી વિરોધાભાષી છે.

**15.** વધુમાં, આરોપી પક્ષ ધ્વારા ફરીયાદીને એવો સવાલ પણ પુછવામા આવેલ છે કે આરોપીના પ્લોટના તથા દુકાનના અસલ દસ્તાવેજ તમારી પાસે છે, જેનો ફરીયાદીએ નકારમાં જવાબ આપેલ છે. પરંતુ, જયારે આરોપી તેમની અને ફરીયાદી વચ્ચે કોઇ વ્યવહાર થયેલ ન હોવાનુ બચાવ લેતા હોય ત્યારે આવો સવાલ પુછતા તેમના બચાવ સામે શંકા ઉત્પન્ન થાય છે. વધુમાં, આ કામે એ હકીકત પણ ધ્યાને લેવી જરૂરી છે કે આરોપીએ ફરીયાદીની નોટીસનો કોઇ જવાબ આપેલ નથી. વધુમાં, સબબ કામે આંક-૨૮ થી રજુ આરોપી ધ્વારા ફરીયાદીની તરફેણમા કરેલ પબ્લીક નોટરી રૂબરૂની પ્રોમીસરી નોટ પણ ફરીયાદ પક્ષના કેસને સંપુર્ણ સમર્થન કરે છે અને આરોપી પક્ષ ફરીયાદીની તરફેણમાં કરેલ સબબ લખાણ સામે પ્રશ્નાર્થ ઉભુ કરી શકેલ નથી. આમ, ફરિયાદીની વિસ્તૃત ઉલટ તપાસ થકી પણ આરોપી તેમના પર નાંખવામાં આવેલ અનુમાનોનું ખંડન કરી શકેલ નથી. વધુમાં, હાલનાં કામે આંક-૧૬ થી રજુ રીટર્ન મેમો વંચાણે લેવામાં આવે તો તેમાં "ફંડ ઈન્સફીસીયન્ટ" નાં શેરા સાથે પરત ફરેલ છે અને તેમાં આરોપીની સહી નથી તેવો કોઇ શેરો નથી.

**16.** વધુમાં આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા K.N.Beena Munniayyapan [2001]8 SCC 458., નો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તેમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે "in complaints under section-138 of the N.I. Act the court has to presume that the cheque had been issued for debt liability. This presumption is rebutable. However, the burden of proving that cheque had not been issued for debt or a liability is on the accused."

**17.**વધુમાં, આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ ઘ્વારા Kishan Rao V/s. Shankargouda reported in 2018 SCC Online SC 651 ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા અવલોકન કરેલ છે કે 'In cases filed under section-138 mere denial of accused not enough to rebut presumption under section-139 available to the complainant. Accused has to lead evidence in support of defence. હાથ પરનાં કેસમાં આરોપી ધ્વારા તેમનાં બચાવમાં કોઇ પુરાવા રજુ કરેલ નથી અને આરોપી તેમના બચાવની હકીકતોને પુરવાર કરવામા સદંતર નિષ્ફળ નિવળેલ છે.

**18.** આમ, ઉપરોકત તમામ ચર્ચાના અંતે, રેકર્ડ ઉપરની સમગ્ર હકીકતો ધ્યાને લેતા આરોપી ધ્વારા પોતાના બચાવને સમર્થનકારી હકીકત પુરવાર કરેલ નથી. તેવા સંજોગોમાં આરોપી વિરૂઘ્ધના કાનુની અનુમાનો માનવાને કારણ રહે છે. ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં બચાવપક્ષ કાયદાની કલમ-૧૩૮, ૧૧૮ સાથે વંચાણે લેતા કલમ-૧૩૯ નું અનુમાનનું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ હોય, ફરીયાદપક્ષનો કેસ કાનુની અનુમાનોના આધારે રેકર્ડ ઉપર વ્યાજબી શંકાથી પર સાબિત થઈ આવે છે. વધુમાં, આરોપી પક્ષ ઘ્વારા પોતાની મૌખિક દલીલોમાં જે નામ. ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે તે ચુકાદાઓની હકીકત તથા હાથ પરના કેસની હકીકતો ભિન્ન હોય અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવુ છે કે સદર ચુકાદોઓ આરોપી પક્ષને મદદરૂપ નીવડતા નથી. જેથી આ કામના આરોપી મનીષભાઇ અમૃતલાલ

ફેફર રહે. જબલપુર તા. ટંકારા, જી. મોરબીનાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર-૩ :-</u>**

19. આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧ ૩૮ મુજબનો ગુન્હો પુરવાર થતો હોય નામદાર સુપ્રિમ કોર્ટે જી.એલ.આર.૨૦૧૨(૨) ૧૩૫૩, આર.વિજયન વિ. બેબી ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા માર્ગદર્શક સિધ્ધાંતો તથા બી.એન.એસ.એસની કલમ:૩૯૫ ધ્યાને લેતાં તથા કેસની હકીકત ધ્યાને લેતાં આરોપી ફરીયાદીને વળતરની રકમ ચુકવે તે ન્યાયીક છે અને તે મુજબ ચેકની રકમ કરતા બમણી રકમ પ્રમાણે વળતરની રકમ આરોપી ફરીયાદીને ચુકવે તે જરૂરી અને ન્યાયીક જણાય છે. તેથી આરોપીએ ફરીયાદીને ચેકની રકમ કરતા બમણી રકમ રૂા.૨૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા વીસ લાખ પુરા) ફરીયાદ દાખલ કર્યા તારીખથી વાર્ષીક ૦૬% લેખે સાદા વ્યાજ સહીત વળતર તરીકે ચુકવવાનો ન્યાયના વિશાળ હિતમાં હુકમ કરવો જરૂરી જણાય છે. તેમજ આરોપી સામે અન્ય ગુના નોંધાયેલાનું કે સાબીત થયાનું રેકર્ડ ઉપર ન હોય, બે વર્ષની પુરી સજા નહી કરતા એક વર્ષની સજા કરવી યોગ્ય અને ન્યાયીક જણાય છે. સમગ્ર હકીકતે તહોમતદાર વિરૂધ્ધના ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ મુજબના ગુન્હાના તત્વો પુરવાર થયેલ હોય, મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં.૩ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

1. આ કામના આરોપી- મનીષભાઈ અમૃતલાલ ફેફર રહે. જબલપુર તા. ટંકારા, જી. મોરબીનાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:૧૩૮ ના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી **૧ (એક) વર્ષની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**2.**આ કામના આરોપી- મનીષભાઇ અમૃતલાલ ફેફર રહે. જબલપુર તા. ટંકારા, જી. મોરબીનાઓને ચેકની રકમ રતા બમણી રકમ **રૂ.૨૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ લાખ પુરા)** ફરીયાદ દાખલ કર્યા તારીખથી વાર્ષીક **૦૬%** લેખે સાદા વ્યાજ સહીત ફરીયાદીને વળતર પેટે દીન-૬૦ માં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે. આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીને વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**3.** આરોપીને જજમેન્ટની એક નકલ વિના મૂલ્યે તાત્કાલીક પુરી પાડવી.

હુકમ આજરોજ તારીખ–૦૧ લી, માહે–મે, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૧/૦૫/૨૦૨૬ **(સોએબમહંમદ ગુલામમહંમદ શેખ)**
સ્થળ :– ટંકારા. જયુડી. મેજી. ફ. ક., ટંકારા.
કોડ.જી.જે ૦૧૬૧૫.

AUG